# સોમનાથ ભારતી સામે મુશ્કેલી હજુ પણ યથાવત

નવી દિલ્હી,તા. ૨૨

આમ આદમી પાર્ટીને પોતાના નિવેદનોના કારણે વારંવાર મુશ્કેલીમાં મુકનાર કાયદા પ્રધાન સોમનાથ ભારતી પર હવે રાજીનામુ આપવાનું દબાણ દિનપ્રતિદિન વધી રહ્યુ છે. સામે કોંગ્રેસ પાર્ટીએ પણ એવી માંગણી કરી છે કે જો સોમનાથ ભારતીને તેમના હોદ્દાથી દૂર કરવામાં આવશે નહીં તો ટેકો પાછો ખેંચી લેવામાં આવશે. કોંગ્રેસના આ આક્રમક નિવેદનથી દિલ્હી સરકાર ઉપર હવે ખતરો તોળાઈ રહ્યો છે. યુગાન્ડાની મહિલાઓએ સોમનાથ ભારતીની ઓળખ કરી લીધા બાદ તેના પર દબાણ વધી ગયુ છે. કાયદા પ્રધાન તરીકે તેમની હકાલપટ્ટી કરવાનું દબાણ વધી ગયુ છે. બીજી બાજુ આમ આદમી પાર્ટીએ આજે સ્પષ્ટતા કરી હતી કે જો સોમનાથ ભારતી દોષિત જાહેર થશે તો પગલા લેવામાં આવશે. સોમનાથ ભારતી હવે પોતે મુશ્કેલીમાં મુકાઈ ચુક્યા છે. ખિડકી એક્સટેન્શનમાં સેક્સ રેકેટના મામલામાં રેડને લઈને ભારતી પર સકંજો મજબુત થઈ રહ્યો છે. દિલ્હી કોંગ્રેસના અધ્યક્ષ અરવિંદસિંહ લવલીએ કહ્યુ છે કે તેમની પાર્ટી આમ આદમી પાર્ટીને મુદ્દા આધારિત સમર્થન આપી રહી છે. કોંગ્રેસે માત્ર એટલા માટે જ સમર્થન આપી રહી છે કે દિલ્હીના લોકોને આપવામાં આવેલા વચનો આમ આદમી પાર્ટી પૂરા કરે પરંતુ કેજરીવાલ સરકાર ગેરકાયદે કામોમાં લાગેલા પ્રધાનોને બચાવવામાં લાગી ગઈ છે. લવલીએ કહ્યુ હતુ કે જો સોમનાથ ભારતીની કેજરીવાલ પ્રધાનમંડળથી દૂર કરવામાં આવશે નહીં તો એએપી સરકારને ટેકો પાછો ખેંચી લેવામાં આવશે. કેજરીવાલ સરકાર પર હવે ભારતીને દૂર કરવા



તીવ્ર દબાણ વધી ગયુ છે. આમ આદમી પાર્ટી ભારતીનો બચાવ કરી રહી છે પરંતુ પાર્ટીની અંદર માહોલ તેમના પક્ષમાં નથી. તેમના વિવાદાસ્પદ નિવેદનોને લઈને આમ આદમી પાર્ટીએ હદમાં રહેવાની ચેતવણી ભારતીને આપી દીધી છે. બીજી બાજુ બળવાખોર ધારાસભ્ય અને નેતા પણ રાજીનામાનું દબાણ વધારી રહ્યા છે. વિનોદ કુમાર બિન્નીએ કહ્યુ છેકે દિલ્હી પોલીસના અધિકારીઓને રજા પર મોકલી દેવામાં આવ્યા બાદ સોમનાથ ભારતીને પણ રજા પર મોકલવામાં આવે તે જરૂરી છે.

આમ આદમી પાર્ટીના સભ્ય કેપ્ટન ગોપીનાથે પણ ભારતીની હકાલપટ્ટીની માંગ કરી છે. દિલ્હી પોલીસ સમગ્ર મામલામાં સાવધાનીપૂર્વક આગળ વધી રહી છે. યુગાન્ડાની મહિલાઓએ દરોડાની કાર્યવાહી કરનાર સોમનાથ ભારતીની ઓળખ કરી લીધી છે. આફ્રિકી મહિલાઓએ પોતાના નિવેદનમાં ભારતી પર ગંભીર આક્ષેપ કર્યા છે. આશરે પાંચ મહિલાઓએ મેજિસ્ટ્રેટની સમક્ષ નિવેદનો કરાવ્યા છે. મિડિયા દ્વારા રેકોર્ડ કરવામાં આવેલા વિડિયો ફુટેજના આધારે ભારતીની ઓળખ કરી છે. આ મહિલાઓનો આક્ષેપ છે કે તેમને બળજબરીપૂર્વક એમ્સમાં લઈ જવામાં આવ્યા હતા. મહિલાઓનો આક્ષેપ છે કે તેમની સાથે અત્યાચાર કરવામાં આવ્યો હતો. દરમિયાન દિલ્હી કમિશન ફોર વુમને ભારતી સામે સમન્સ જારી કરીને તેની સમક્ષ જુબાની આપવા કહ્યુ છે. યુગાન્ડાની મહિલા સાથે ખરાબ વર્તનના મામલામાં જુબાની આપવા માટે કહેવામાં આવ્યુ છે. યુગાન્ડાની મહિલાઓ પૈકીની ત્રણે ગંભીર પ્રકારની રજુઆતો કરી છે.

## જો કોંગ્રેસ સરકાર બનાવશે તો રાહુલ વડાપ્રધાન રહેશે

નવી દિલ્હી,તા. ૨૨

કોંગ્રેસના વરિષ્ઠનેતા અને નાણાં પ્રધાન પી ચિદમ્બરમે સાફ શબ્દોમાં કહ્યુ છે કે જો કોંગ્રેસ ફરી વિજેતા બનશે તો રાહુલ ગાંધીને વડાપ્રધાન બનાવવામાં આવશે. રાહુલ ગાંધીને લઈને પક્ષમાં કોઈ પણ વિખવાદ નથી. રાહુલના મુદ્દે પક્ષ બિલકુલ એકમત છે. કોંગ્રેસે વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે રાહુલ ગાંધીને જાહેર કરવાની પક્ષના કાર્યકરો માટેની માંગણીને ફગાવી દીધા બાદ પી ચિદમ્બરમે આજે કહ્યુ હતુ કે ગાંધીને જ ટોચનો હોદ્દો આપવામાં આવશે. સામાન્ય ચૂંટણી બાદ સરકાર રચના માટે તમને જ કહેવામાં આવશે. દાવોસમાં વર્લ્ડ ઈકોનોમિક ફોરમમાં વાત કરતા તેમણે કહ્યુ હતુકે રાષ્ટ્રીય ચૂંટણીના પરિણામને લઈને અમે આશાવાદી છીએ. એવું લાગી રહ્યુ છે કે કોઈ પણ પાર્ટીને સ્પષ્ટ બહુમતિ મળશે નહીં. જો કોંગ્રેસ સત્તા પર આવશે તો એક બાબત નિશ્ચિત છે કે રાહુલ ગાંધીને જ વડાપ્રધાન બનાવવામાં આવશે. ગયા સપ્તાહમાં એઆઈસીસીની બેઠકમાં રાહુલ



ગાંધી દ્વારા અપનાવવામાં આવેલા કઠોર વલણ અંગે વાત કરતા ચિદમ્બરમે કહ્યુ હતુ કે રાહુલ ગાંધી એઆઈસીસીની બેઠકમાં છવાયેલા રહ્યા હતા. રાહુલ ગાંધીમાં ઘણી કુશળતા રહેલી છે.

ભાજપ અને તેના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીની ઝાટકણી કાઢતા ચિદમ્બરમે કહ્યુ હતુ કે ભાજપ દેશમાં તમામ વર્ગોનું પ્રતિનિધિત્વ કરતુ નથી. નરેન્દ્ર મોદીએ ક્યારેય કોઈ મુસ્લિમ ઉમેદવારને ચૂંટણી મેદાનમાં ઉતાર્યા નથી. પાર્ટી દ્વારા તાજેતરમાં જ વરિષ્ઠ પ્રવક્તા તરીકે નિમાયેલા ચિદમ્બરે કહ્યુ હતુ કે આર્થિક નીતિઓના મામલે પણ ભાજપની નીતિ સ્પષ્ટ નથી. ભાજપની આર્થિક નીતિ ખૂબજ રીએગ્રેસીવ છે. બ્લડ આઈડ આર્થિક નીતિઓના મોડલ તે ધરાવે છે. ભારતના આર્થિક વિકાસદરના મુદ્દે નાણાંમંત્રીએ કહ્યુ હતુ કે વર્તમાન નાણાંકીય વર્ષમાં ભારત પાંચ ટકાના દરે આગળ વધશે જ્યારે આગામી નાણાંકીય વર્ષમાં ભારત છ ટકાના વિકાસદરથી આગળ વધશે.

## AAP રાજનીતિમાં આઈટમ ગર્લ તરીકે છે : ચેતન ભગત

નવી દિલ્હી,તા. ૨૨

દિલ્હીમાં આમ આદમી પાર્ટીના ધરણા પ્રદર્શન પર પ્રશ્નો ઉઠાવીને જાણિતા લેખક ચેતન ભગતે આમ આદમી પાર્ટીને રાજકારણની આઈટમ ગર્લ તરીકે ગણાવીને આ પાર્ટીની જોરદાર ઝાટકણી કાઢી છે. ચેતન ભગતે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને તેમની કેબિનેટના બે દિવસ સુધી ધરણાની નિંદા કરતા કહ્યુ છે તે તેમના આ પ્રકારના પગલાથી તેઓ ખૂબજ શરમ અનુભવ કરી રહ્યા છે. સમાચાર ચેનલ સાથેની વાતચીતમાં ચેતન ભગતે કહ્યુ છે કે આમ આદમી પાર્ટીએ હકિકતમાં તેમને શરમજનક સ્થિતિમાં મુકી દીધા છે. તેમની હરકતોના લીધે સામાન્ય લોકો હવે મુશ્કેલીમાં દેખાઈ રહ્યા છે. જો આ



દેખાવના સંદર્ભમાં નફા-નુકસાનની વાત કરવામાં આવે તો કંઈ પણ મળ્યુ નથી. ચેતન ભગતે કહ્યુ હતુ કે આમ આદમી પાર્ટીના પ્રદર્શન બાદ બે પોલીસ અધિકારીઓને રજા પર મોકલી દેવામાં આવ્યા છે પરંતુ પાર્ટીના કારણે પાટનગરમાં અંધાધૂંધી ફેલાઈ ગઈ હતી. તેમના ધરણાના લીધે પોલીસના ઉત્સાહને ફટકો પડ્યો છે. પોલીસની કારોબારી ભાવનાઓને નુકસાનથયુ છે. ભગતનું કહેવું છે કે આમ આદમી પાર્ટી લોકસભાની ચૂટણીમાં વહેલીતકે આવવાની વાત કરી રહ્યા છે. પરંતુ તેમની બાબત અને તેમના વર્તનથી તમામને આશ્ચર્ય થયુ છે. ચેતન ભગતનું કહેવું છે કે જે રીતે બોલિવુડમાં કોઈ અભિનેત્રીને મહત્વ અપાતુ નથી ત્યારે તે આઈટમ ગર્લ બની જાય છે તેવી જ રીતે આમ આદમી પાર્ટી ભારતીય રાજનીતિમાં આઈટમગર્લ તરીકે છે અને આઈટમ ગર્લ લાંબા સમય સુધી ચાલી શકે તેમ નથી.

## રાજ્યસભાની ૫૫ જગ્યાઓ ભરવાની ચૂંટણી પ્રક્રિયા શરૂ

નવી દિલ્હી,તા.૨૨

રાજ્યસભાની ૭મી ફેબ્રુઆરીના દિવસે યોજાનારી ચૂંટણીને લઈને તમામ તૈયારીઓ શરૂ થઈ ચૂકી છે. ચૂંટણી પંચ દ્વારા જાહેરનામુ જારી કરવામાં આવ્યા બાદ સમગ્ર પ્રક્રિયા તીવ્ર બની ગઈ છે. રાજકીય પક્ષોમાં પણ ઉત્સાહ વધી ગોય છે. ૧૬ રાજ્યોમાંથી ૫૫ જગ્યા ભરવા માટેની આ પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. ચૂંટણી પ્રક્રિયાની શરૂઆતની સાથે જ જુદા જુદા રાજ્યોમાં આ બેઠકો ભરવા માટે રાજકીય ગતિવિધી પણ તીવ્ર બની છે. નેતાઓની અંદર લોબીની પ્રક્રિયા શરૂ થઈ છે. આની સાથે જ ઉમેદવારી પત્રો ભરવાની પ્રક્રિયા આજે શરૂ થઈ હતી જે ૨૮મી જાન્યુઆરી સુધી ચાલશે. ઉમેદવારી પત્રો ભરવાની છેલ્લી તારીખ ૨૮મી જાન્યુઆરી રાખવામાં આવી છે. જાહેરનામુ જાહેર કરવામાં આવ્યા બાદ જણાવવામાં આવ્યું છે કે ૨૯મી જાન્યુઆરીના દિવસે ચકાસણીમાં ઉમેદવારી પાછી ખેંચવાની છેલ્લી તારીખ ૩૧મી જાન્યુઆરી રહેશે. જો જરૂર પડશે તો મતદાન ૭મી ફેબ્રુઆરીના દિવસે સવારે નવ વાગ્યાથી સાંજે ચાર વાગ્યા વચ્ચે યોજાશે. મત ગણતરીની પ્રક્રિયા એ જ દિવસે સાંજે ૫ વાગે થશે. રાજ્યસભાના ૫૫ સભ્યની અવધી બીજી એપ્રિલ અને ૧૨મી એપ્રિલ વચ્ચે પૂરી થઈ રહી છે પરંતુ ચૂંટણી પ્રક્રિયા મેમાં યોજાનારી લોકસભાની યોજાનારી ચૂંટણીના અનુસંધાનમાં ચૂંટણી પંચ દ્વારા વહેલી તકે હાથ ધરવામાં આવી છે. કુલરાજ્યસભાની બેઠકો પૈકી જે રાજ્યોમાં ચૂંટણી યોજાનાર છે તેમાં મહારાષ્ટ્રમાં સાત, તામિલનાડુમાં છ, આંધ્રપ્રદેશમાં પાંચ, બિહારમાં પાંચ, ઓરિસ્સા અને ગુજરાતમાં ચાર-ચાર બેઠકોનો સમાવેશ થાય છે. આસામ, રાજસ્થાન અને મધ્ય પ્રદેશમાં રાજ્ય સભાની ત્રણ સીટો માટે ચૂંટણી યોજાનાર છે. જ્યારે છતીસગઢ, હરિયાણામાં પણ ચૂંટણી યોજાનાર છે. રાજ્યસભાની ચૂંટણીને લઈને રાજકીય પક્ષોમાં જોરદાર ઉત્સુકતા ફેલાઈ ગઈ છે. ભાજપ અને કોંગ્રેસ જેવા રાજકીય પક્ષો દ્વારા ઉમેદવારોના નામ પહેલાથી જ નક્કી કરી લેવામાં આવ્યા છે. કેટલીક ઔપચારિકતાઓ બાકી રહી છે. બીજી બાજુ નેતાઓમાં લોબીની પ્રક્રિયા ચરમસીમા ઉપર પહોંચી છે. ઉમેદવારી પત્રો ભરવાની પ્રક્રિયા આજે શરૂ થયા બાદ આ પ્રક્રિયા હવે ૨૮મી સુધી ચાલશે.

**રાજ્યસભાનો વિસ્તૃત ચૂંટણી કાર્યક્રમ........**

| | |
|---|---|
| જાહેરનામુ જારી | ૨૧ જાન્યુઆરી |
| રાજ્યસભાની ચૂંટણી | ૭ ફેબ્રુઆરી |
| ઉમેદવારી દાખલની તારીખ | ૨૧ જાન્યુઆરી |
| ઉમેદવારી દાખલ કરી શકાશે | ૨૮ જાન્યુઆરી |
| ચકાસણીની તારીખ | ૨૯મી જાન્યુઆરી |
| ઉમેદવારી ખેંચવાની તારીખ | ૩૧મી જાન્યુઆરી |

**વીઆરએસની સ્કીમ મૂકાશે**

## તાતા મોટર્સ ૩૦૦૦ કરોડનું રોકાણ કરશે

નવી દિલ્હી,તા.૨૨

ભારતની સૌથી મોટી ઓટો મોબાઈલ કંપની તાતા મોટર્સે બેવડી વ્યૂહરચના તૈયાર કરી લીધી છે. જેના ભાગરૂપે ૩૦૦૦ કરોડનું મૂડીરોકાણ કરીને કંપનીને વધુ શક્તિશાળી બનાવવા પ્રયાસ કરાશે. બીજી બાજુ વીઆરએસની સ્કીમ પણ રજુ કરવામાં આવનાર છે. મોટી સંખ્યામાં કર્મચારીઓને નિવૃત્તિ સ્કીમની ઓફર કરે તેવી પણ શક્યતા દેખાઈ રહી છે. પ્રોડક્ટ ડેવલોપમેન્ટમાં ૩૦૦૦ કરોડનું રોકાણ કરવામાં આવશે જેમાં કોમર્શિયલ વાહનો અને પેસેન્જર વાહનોને વધુ આધુનિક બનાવવાના પ્રયાસ કરાશે. બીજા ત્રીમાસિક ગાળામાં ૮૦૦ કરોડ રૂપિયાનું નુકસાન થયા બાદ તાતા મોટર્સે આ બેવડી વ્યૂહરચના તૈયાર કરી છે. તાતા મોટર્સ ભારતમાં સૌથી જૂની ઓટો મોબાઈલ કંપનીઓ પૈકીની છે. ભારતમાં તેના છ પ્લાન્ટ છે જે પૈકીના ત્રણ પ્લાન્ટ જમશેદપુર, પૂણે અને લખનૌમાં છે. આ પ્લાન્ટ ૧૯૯૨ પહેલા બનાવાયા હતા. સાણંદ, ધારવાડ અને પંતનગરમાં અન્ય ત્રણ પ્લાન્ટ છે.

**સખીને પત્ર** (પાના નં. ૪ નું ચાલુ)

પ્લાસી આપણા પરાજયનું અને ગુલામીના નર્કાગારનું પ્રવેશદ્વાર બન્યું તો દાંડી આપણી મુક્તિના દ્વાર ખોલી આપે છે અને એટલે જ મુક્ત હવામાં શ્વાસ લેતાં પ્રત્યેક ભાવિ નાગરિક માટે દાંડીપ્રવાસ ફરજિયાત હોવો જોઇએ. આ દાંડી વિષે થોડા સમય પહેલાં બીજી એક ઐતિહાસિક સત્ય ઘઠના વાંચી હતી એ પણ તમારી સાથે વહેંચી જ લઉં! હમણાં તાજેતરમાં દાઉદી વહોરા સમાજના ધર્મગુરૂ સૈયદ સાહેબનું અવસાન થયું. આ દાઉદી વહોરા લોકો માટે દાંડી પવિત્ર યાત્રા સ્થળ છે. દાંડીમાં આવેલા મઝારે માય સાહેબાના પવિત્ર સ્થળે દર વર્ષે દાઉદી વહોરા સમાજના પચાસ હજાર લોકો શ્રદ્ધાપૂર્વક દર્શન આપે છે. આ મજારની સત્યકથા ઇ.સ. ૧૪૭૯માં ઘટી. સિદ્ધપુરના વતની હાજીયાણી દાઇ સૈયદના યુસુફ નજમુદ્દીન સાહેબના માતા નૂરબીબી અને બહેન ફાતીમા બીબી હડ પઢીને પાછા ફરતાં હતા ત્યારે અકસ્માતે વહાણ ડૂબી ગયું. માતા-પુત્રીના મૃતદેહો તણાઇને દાંડીના કિનારે આવ્યા તેમની અંતિમવિધિ અહીં જ કરવામાં આવી. ત્યારથી અહીં મજારમાં પૂર્જાઅર્ચના થાય છે. વહોરા સમાજના લોકો પોતાની માનતા પુરી કરવા અહીં ઇંડા ધરાવવાની માનતા રાખે છે. આવી તો કેટલીય જગ્યાઓ આપણી આસપાસ આગવો ઇતિહાસ અને ઘટનાઓ લઇને ઊભી છે. ઘરની બહાર. નીકળીને હાથને ફેલાવીએ ત્યાં જિજ્ઞાસા અને કુતૂહલને ઉકસાવતી પોષતી એક અદ્‌ભૂત દુનિયા આપણા પગ તળે આપણા પ્રથમ પગરણની વાટ જોઇને પડી છે.

માતા-પિતા અને શિક્ષકો બાળકોના ઉત્તમ પ્રવાસ ગાઇડ બને તો બાળકને વર્ગની ચાર દિવાલો કરતાંય ઉત્તમ રીતે હરતાં-ફરતાં શિક્ષણના જ્ઞાનના જગતમાં પ્રવેશ કરાવી શકાય છે. જૂનાગઢના કિલ્લામાં અમે બાળકોને લઇને પ્રવેશ્યા ત્યાં એક ભાઇ ગાઇડ તરીકે સાથે આવવા આગ્રહ કરવા લાગ્યા. મેં તેઓને જણાવ્યું કે, ભાઇ! અમે જાતે શિક્ષક છીએ. કિલ્લાનો ઇતિહાસ અમે બાળકને ભણાવી શકીએ તેમ બતાવી પણ શકીશું!' ત્યારે તેણે હસતાં-હસતાં ટોણો માર્યો : બ્હેન! આંય શિક્ષકોને જ ગાઇડની વધુ જરૂર હોય છે! ત્યારે જરા માઠું તો લાગ્યું પણ શિક્ષક બનવા માટેની આદર્શ શરતોમાંની એક શર્ત પ્રવાસનો શોખ હોવો જોઇએ. તે પણ જરૂરી લાગ્યું.

તો સખી, બસ હવે તો જરા સરખો પણ અવકાશ મળે તો નીકળી પડીએ વિશ્વપ્રવાસી બનીને! ખરૂં ને?

*- તારી સ્વાતિ*

## આંધ્ર-તામિલનાડુમાં કોંગીને પાર્ટીને ફટકો પડશે : સર્વેક્ષણ

નવી દિલ્હી,તા.૨૨

આંધ્રપ્રદેશ અને તમિલનાડુમાં કોંગ્રેસની કારમી હાર થવાના સંકેત દેખાઈ રહ્યા છે. સીએનએન-આઈબીએન ચેનલ માટે સેન્ટર ફોર સ્ટડી ઓફ ડેવલોપીંગ સોસાયટી દ્વારા કરવામાં આવેલા નવા સર્વેની વાત ઉફર વિશ્વાસ કરવામાં આવે તો જયલલીતાની પાર્ટી અન્નાદ્રમુક જોરદાર સપાટો બોલાવશે અને ૧૫થી ૨૩ બેઠકો જીતી જશે. સર્વેમાં જણાવવામાં આવ્યું છે કે કોંગ્રેસને બંને રાજ્યોમાં ભારે નુકસાન થશે. આંધ્ર પ્રદેશમાં સૌથી મોટું નુકસાન થઈ શકે છે. તેની બેઠકોની સંખ્યા ઘટીને ૫-૯ જેટલી થઈ શકે છે. જ્યારે તેની બેઠકોની હિસ્સેદારી પણ ઘટીને ૩૨ ટકાથી ૨૪ ટકા થઈ શકે છે. બીજી બાજુ વાયએસઆર કોંગ્રેસને પણ સીધો ફાયદો થઈ શકે છે. તેને ૧૧-૧૯ બેઠકો મળી શકે છે. આ આગાહી સૂચન કરે છે કે અલગ પડેલા જૂથને સીમાદ્ર પ્રદેશમાં ૨૫ બેઠકો પૈકીની સારી એવી બેઠક મળશે. રસપ્રદ બાબત એ છે કે ટીડીપીને પણ ફાયદો થઈ શકે છે. ટીડીપીને ૯-૧૫ બેઠકો મળવાની શક્યતા દેખાઈ રહી છે. ટીડીપીના નેતા એન ચંદ્રબાબુ નાયડુ માટે આ ખૂબ જ સારા સમાચાર છે. નાયડુની પાર્ટી ભાજપ સાથે જોડાણ કરવાની તૈયારીમાં છે. ભાજપને આ રાજ્યોમાં વધારે ફાયદો થનાર નથી. મત હિસ્સેદારીની દૃષ્ટિએ ટીડીપી વાયએસઆર કોંગ્રેસ માટે કરવામાં આવેલી આગાહીથી થોડાક પાછળ રહેશે. જ્યારે ભાજપની મત હિસ્સેદારી છેલ્લી ચૂંટણીમાં ચાર ટકા હતી જે વધીને હવે ૧૦ ટકાથી પણ વધુ થઈ શકે છે. ટીડીપી-ભાજપ ગંઠબંધનની તકોને આ સર્વેથી મજબૂત બની શકે છે. આ સર્વેમાં ઘણા રસપ્રદ તારણો ઉફર પ્રકાશ ફેકવામાં આવ્યા છે. તેલંગાણા રાષ્ટ્રીય સમીતિ જે અલગ તેલંગાણાની રચના માટે આંદોલન કરનાર પાર્ટી છે તેને કોઈ વધારે ફાયદો થશે નહીં. આ પાર્ટીને ચારથી આઠ બેઠકો મળી શકે છે. તેલંગાણા પ્રદેશમાં તેને સમર્થનનું સંખ્યાબળ ૨૩ ટકાની આસપાસ રહી શકે છે. સર્વે દર્શાવે છે કે કોંગ્રેસને આંધ્રપ્રદેશ અને તામિલનાડુમાં ભારે નુકસાન થશે. જ્યારે કર્ણાટકમાં કોંગ્રેસને ફાયદો થઈ શકે છે. અભ્યાસના તારણો રજૂ કરતી વેળા ઘણી બધી બાબતો રજૂ કરવામાં આવી હતી. તામિલનાડુમાં જયલલિતા વર્ચસ્વ જમાવશે અને આ પાર્ટી ૧૫-૨૩ બેઠકો જીતી જશે. લોકોની અપેક્ષાઓ પૂરી કરવામાં આ પાર્ટીને સફળતા હાથ લાગી છે. તેની મત હિસ્સેદારી ૨૭ ટકાની આસપાસ રહી શકે છે. ડીએમકેની પડતી ચાલુ રહેશે પરંતુ તે ૭-૧૩ બેઠકો જીતી શકશે આવી સ્થિતિમાં કોંગ્રેસ માટે કોઈપણ સાથી વગર આગળ વધવાની બાબત ખતરનાક સાબિત થઈ શકે છે. તેને ૧-૫ બેઠકોજ મળી શકે છે. કર્ણાટકમાં કોંગ્રેસને ફાયદો થશે. અહીં કોંગ્રેસ કુલ ૨૮ પૈકી ૧૦-૧૮ બેઠક જીતી શકે છે. ભાજપને નુકસાન થશે પરંતુ સંપૂર્ણ સફાયો થશે નહીં. તેને ૧૦ સીટ સુધી મળી શકે છે. જેડીએસને ૪-૮ બેઠકો મળવાની વાત કરવામાં આવી છે અને તેની મત હિસ્સેદારી ૧૮ ટકાની આસપાસની રહેશે. ભાજપની હિસ્સેદારી ૩૨ ટકાની આસપાસ રહી શકે છે.

## ભારતે સતત બે હાર બાદ વનડેમાં ટોપ ક્રમ ગુમાવ્યો

હેમિલ્ટન,તા. ૨૨

હેમિલ્ટન ખાતે રમાયેલી વરસાદગ્રસ્ત મેચમાં ન્યૂઝીલેન્ડ સામે ૧૫ રને હાર ખાધા બાદ ભારતીય ટીમ વનડે રેન્કીંગમાં પ્રથમ ક્રમનો તાજ ગુમાવી ચૂકી છે. સતત બે વનડે મેચમાં તેની હાર થઈ છે. ન્યૂઝીલેન્ડની ટીમ હવે પાંચ મેચોની શ્રેણીમાં ૨-૦ની લીડ ધરાવે છે. પ્રથમ ક્રમાંક જાળવી રાખવા માટે ભારતને આજે જીતવાની જરૂર હતી. ૪૨ ઓવરમાં ૨૯૭ રનના સુધારવામાં આવેલા ટાર્ગેટનો પીછો કરવા ભારતે ખૂબ મહેનત કરી હતી પરંતુ ટૂંકા અંતરથી તેની હાર થઈ હતી. આની સાથે જ આઈસીસી વનડે રેન્કીંગમાં ઓસ્ટ્રેલિયા પ્રથમ સ્થાને પહોંચી ગયુ છે. ડકવર્થ લૂઈસમાં ભારતને નિષ્ફળતા હાથ લાગી હતી. આ હારની સાથે જ ભારતીય ચાહકોમાં નિરાશા ફેલાઈ ગઈ હતી કારણ કે ભારતીય ટીમ વનડે રેન્કીંગમાં પ્રથમ સ્થાનથી ફેંકાઈ ગઈ છે. ઓસ્ટ્રેલિયા હવે પ્રથમ સ્થાને પહોંચી છે. ભારત હવે ૨૫મી જાન્યુઆરીના દિવસે ઈડન પાર્ક ખાતે ત્રીજી વનડે મેચમાં ન્યૂઝીલેન્ડ સામે રમશે જે ભારત માટે ડુ ઓર ડાઈ સમાન રહેશે. ધોનીની ટીમ માટે આ છેલ્લી તક રહેશે. શ્રેણીને સજીવન રાખવામાટે આ મેચ ભારતને જીતવી પડશે. આજે પણ ભારત તરફથી કોહલી અને રહાણેએ જીતવા માટે પ્રયાસ કર્યા હતા અને ત્રીજી વિકેટની ભાગીદારીમાં ઝડપથી રન ઉમેર્યા હતા. ભારતીય ટીમને હવે રેન્કીંગમાં પ્રથમ સ્થાન મેળવવા માટે સતત સારો દેખાવ કરવો પડશે. વિરાટ કોહલીએ ૪૧ બોલમાં ૨૯મી વનડે અડધી સદી પૂરી કરી હતી. કોહલી હવે શાનદાર ફોર્મમમાં ચાલી રહ્યો છે. બીજી બાજુ ન્યૂઝીલેન્ડની ઈનિંગ્સમાં કોરે એન્ડરસને ૧૭ બોલમાં ૪૪ રન ફટકાર્યા હતા જેમાં પાંચ છગ્ગાનો સમાવેશ થાય છે. ન્યૂઝીલેન્ડે છેલ્લા ૮.૪ ઓવરમાં ૧૦૧ રન બનાવ્યા હતા.

## કેજરીવાલ નોમિનેશનને રદ્દ કરવા માંગણી કરાઈ

દિલ્હી હાઈકોર્ટે અરવિંદ કેજરીવાલના નોમિનેશનને રદ્દ કરવાની માંગ કરતી અરજીને આજે ફગાવી દીધી હતી સાથે સાથે આ અરજી પર સુનાવણી કરવાનો ઈન્કાર કર્યો હતો. વર્ષ ૨૦૧૩ વિધાનસભાની ચૂંટણી પહેલા ચૂંટણીપંચ સમક્ષ દાખલ કરવામાં આવેલી એફિડેવિટમાં ગેરરીતિ બદલ કેજરીવાલના નેમિનેશનને રદ્દ કરવાની માંગ કરીને અરજી દાખલ કરવામાં આવી હતી. ચીફ જસ્ટિસ એનવી રમન્ના અને જસ્ટિસ રાજીવ સહાની બનેલી બેંચે એનજીઓ મૌલિક ભારત ટ્રસ્ટને યોગ્ય પગલા માટે મેજિસ્ટેરિયલ કોર્ટ સમક્ષ રજુ કરવા આદેશ કર્યો હતો. કેજરીવાલના નોમિનેશનને રદ્દ કરવાની માંગને લઈને ધારદાર દલીલો કરવામાં આવી છે.

**સંસ્કાર દર્શન** (પાના નં. ૪ નું ચાલુ)

એમનો પોષાક - વાત કરવાની રાહ જોઇ મેં ભાડું તો ન પુછ્યું, પણ મનમાં કુતૂહલ થયું. તેથી જરા પુછાઇ ગયું. તમે રીક્ષા ચલાવો છો...

તો કહે, હા જુવોને ચલાવતાં આવડે છે તે ચલાવું છું...

ના... ના... એમ નહિં પણ આ રીક્ષા ચલાવવી તે તમારો વ્યવસાય નથી લાગતો.. તમે...

તો કહે, વાત સાચી છે. હું નિવૃત્ત થયેલ કલાસ વન ઓફિસર છું. નિવૃત્ત થયા પછી મને ખાલીપો લાગ્યો. કંઇક સામાજિક કામ કરવાનો વિચાર થયો. પણ આ બધી સંસ્થાઓ... ત્યાં જનારા ઘણાંને કાયમી ભાવના કંઇ નહીં, મને થયું મારે કંઇ અલગ સેવા કર્મ કરવું છે. તે આ રીક્ષા ખરીદી - લાયસન્સ તો હતું જ. હવે દરરોજ સવાર-સાંજ બે કલાક રીક્ષા લઇ નીકળું છું મને લાગે છે કે માણસ તકલીફમાં છે તો તેને, વૃદ્ધોને, મહિલા તથા બાળકોને લઇ ભાડું માત્ર પેટ્રોલ બળે તેટલું, વધારે ન લેવું તેમ નિર્ણય કર્યો છે દરરોજ બે ચાર જરૂરતમંદોને તેના સ્થાને પહોંચાડું...

વાત કરતાં ઘ-૫ પહોંચ્યા. એ વખતના ભાવ પ્રમાણે તેણે માત્ર સાત રૂપિયા લીધા. ને રીક્ષા હંકારી ગયા. એક અનોખો સેવાયજ્ઞ કરનારનો પરિચય થઇ ગયો.

## સમાચાર ઝલક

- થાઈલેન્ડમાં કટોકટી જાહેર કરાઈ.
- કાશ્મીરમાં ભારે બરફવર્ષા હાઈવે બંધ.
- અમદાવાદના મણીનગરમાં ઝવેરીને ત્યાં ચોરીનો બનાવ બન્યો.
- કચ્છમાં પોલીસે વડીલોને હરડા ડુંગરનો પ્રવાસ કરાવ્યો.
- રાજુલા નજીક ટ્રેનની અડફેટે બે સિંહના મૃત્યુ.
- રાહેજા ગૃપને જમીન આપવાની જાહેર હિતની અરજી હાઈકોર્ટે કાઢી નાંખી.
- અમદાવાદમાં વરસાદી વાતાવરણ અને ધુમ્મસને કારણે વિમાની-રેલવેની સેવાઓને અસર પહોંચી.
- સુરતમાં ઉધોગોને અપુરતો ગેસ મળતો હોવાથી તા. ૩૧મી જાન્યુઆરી સુધી બંધ કરાયો.
- કમોસમી વરસાદથી થયેલ ખેતીની નુકશાનીની વિગતો મેળવવા તંત્ર કામે લાગ્યું.
- ખોડલધામ કૃષિ મેળામાં મોટી સંખ્યામાં ખેડૂતો ઉમટયા.
- તેલુગુ ફિલ્મ અભિનેતા શ્રી નાગેશ્વર રાવનું નિધન.
- કુમાર વિશ્વાસ સામે બેંગ્લોરમાં દેખાવો.
- શ્રી અરવિંદ કેજરીવાલની નાદુરસ્ત તબિયત.
- દિલ્હીમાં નર્સરીમાં પ્રવેશ મુદ્દો સુપ્રીમમાં ગયો.
- નક્સલવાદીઓને પોલીસ સાથે અથડામણમાં ૪નાં મોત થયા.
- કેરળના ટી. ચંદ્રશેખરની ગળું કાપી હત્યા કરવા બદલ ૭ હત્યારાઓને આજીવન કેદની સજા ફરમાવી.
- કંડલા બંદરને વધુ સુદૃઢ બનાવવા કેન્દ્ર મદદ કરશે.
- ૨૦૧૫-૨૦૧૬માં ભારતનો વિકાસ દર ૬.૫ ટકા થશે-સર્વે
- સાયલા તાલુકામાં જુથ અથડામણ થતાં ૨ મોત તથા કેટલાકને ઈજાઓ.